૨

નવી બાબત વર્ષ ૨૦૧૯-૨૦
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની
આદર્શ નિવાસી શાળા(વિ.જા.), ચકલાસી,
તા.નડીયાદ, જિ.ખેડાના મકાન મરામત કામ
બાબત રૂ.૮૬.૨૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅનશ-૧૦૨૦૧૮-૬૮૫૦૫૬-ન.બા.૪૩-અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૨/૦૯/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૧/૧૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./મ.બાં./૨૦૧૮/૧૮૩૧થી૧૮૩૨

આ મુ ખ :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વર્ષ ૧૯૮૬-૮૭ થી આદર્શ નિવાસી શાળાની યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ આર્થિક રીતે પણ નબળા હોવાથી તેમના બાળકો ધોરણ ૮ પછીનો અભ્યાસ ચાલુ રાખી શકતાં નથી. જેના કારણે આ જાતિના વિદ્યાર્થીઓની કારકિર્દી ઉપર પૂર્ણવિરામ ન મુકાઇ જાય અને આ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારૂ શિક્ષણ મેળવીને પોતાની શૈક્ષણિક કારર્કિદીનું ઘડતર કરી શકે તે હેતુથી હાલમાં રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના અભ્યાસક્રમવાળી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કુલ ૩૩ આદર્શ નિવાસી શાળા ચલાવવામાં આવે છે. જેમાં હાલમાં કુલ ૬૬૦૦ વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવા, જમવા અને ભણવાની સવલતો આપવામાં આવી રહી છે.

આદર્શ નિવાસી શાળા (વિ.જા.), ચકલાસી, તા.નડીયાદ, જિ.ખેડા મુકામે કાર્યરત આદર્શ નિવાસી શાળાના હોસ્ટેલ, સ્ટાફ કવાર્ટર તેમજ ભોજનાલયના રીપેરીંગ માટે રૂ.૮૬.૨૦ લાખની નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના પત્રથી કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (વિ.જા.), ચકલાસી, તા.નડીયાદ, જિ.ખેડા ખાતે કાર્યરત નિવાસી શાળાનાં હોસ્ટેલ, સ્ટાફ ક્વાર્ટર તેમજ ભોજનાલયનાં રીપેરીંગ માટેની વર્ષ ૨૦૧૯-૨૦ની રૂ.૮૬.૨૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

૧. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૨. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૩. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૪. રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

૫. આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

૮. મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૯. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૧૦. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૧. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૨. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૩. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. આ ઉપરાંત આ સાથે સામેલ પરીશિષ્ટ-અ માં દર્શાવ્યા મુજબની જે આઇટમ માટે સ્થાયી સૂચનાઓ ન હોય ત્યાં માર્ગ અને મકાન વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

૧૫. આ અંગેની માહિતી Electronic રીતે રાખવાની રહેશે તેમજ Asset રજીસ્ટર રાખવાનું પણ રહેશે.

આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના માંગણી ક્રમાંક નં.-૮૪, મુખ્ય સદરઃ ૪૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭-શિક્ષણ, પેટા સદર:૪૨-મકાનો, હેતુ સદર: ૫૩૦૦ મોટા કામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય પી. ચોટલિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.

# પરિશિષ્ટ-અ

## આદર્શ નિવાસી શાળા (વિ.જા.) ચકલાસી, તા.નડીયાદ, જિ:ખેડા મુકામે કાર્યરત નિવાસી શાળાના હોસ્ટેલ, સ્ટાફ ક્વાર્ટર તેમજ ભોજનાલયના રીપેરીંગ કામ અંગેની નવી બાબત

**ABSTRACT**

(Amount in Rs.)

| Item No. | Quantity | Unit | Item | Rate | Per | Amount |
|---|---|---|---|---|---|---|
| 1 | 3406.00 | sqm | Repairs of School Building including providing Plastering, flooring, painting, Door-window, safety grill, Water supply & sanitation work etc. complete for Ground floor and Frist Floor, Bhojnaly, Staff Quarter, of @Chaklasi. | 2200.00 | sqm | 7,493,200.00 |
| | | | | Total | | 7,493,200.00 |
| | | | | Say | | 7,493,200.00 |